BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY

ad

**વેસ્ટર્ન ટાઇમ્સ**

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે AIU દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ દ્વારા 'યુવા શક્તિ, ભારત કી શક્તિ- એક યુવા, એક રાષ્ટ્ર, એક સંકલ્પ' થીમ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈનના અધ્યક્ષસ્થાને આજ વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોનની પાંચ યુનિવર્સિટીઓમાં આ રાષ્ટ્રવ્યાપી શપથ કાર્યક્રમ યોજાયો હતો.



મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક ઉદ્બોધન આપતા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સુચારુ દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે. સર્વે સામાજિક સંસ્થાઓ, દેશભરના નગરજનો 'એક દેશ, એક દેશ'ની ભાવનાને સીધા પર મક્કમતાથી રહ્યા છે. દેશવાસીઓએ દેશની અસ્મિતાને બળ આપવાની સાથે દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોનમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબ જ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારત દેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત @2047ને સાકાર કરવા અને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઇન ઇન્ડિયા'ને સાકાર કરવા વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની જવાબદારી સાથે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સુશ્રી અમીબહેન ઉપાધ્યાયે કહ્યું હતું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહીં કરે. ઓપરેશન સિંદૂર એ ભારતના દુશ્મનોને દેશ દ્વારા આપવામાં આવેલો જવાબ છે.

ભારતવાસીઓ સંયમ અને સામર્થ્ય ધરાવનારી પ્રજા છે. આર્થિક રીતે પ્રગતિ કરતા ભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માનવા અનુસાર યુવા શક્તિ એ ઉભરતા મિલિટરીની વાત કરે છે. તેથી યુવા શક્તિ પછી વિશ્વના ભારતનું મહત્ત્વ વધવાનું છે. જે ભારતની સામે ઊભા હશે, તે ભારતના લોકોની સામે ઊભા હશે. યુવા શક્તિ સાથે ભારતને વિશ્વગુરુ બનતા કોઈ નહીં રોકી શકે.

આ શપથ સમારોહ કાર્યક્રમમાં યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રી નવીન પટેલ અને શ્રી જયેશ પટેલ, રજિસ્ટ્રાર ડૉ. શ્રી અજયસિંહ જાડેજા સહિત રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વેસ્ટર્ન ટાઈમ્સ "અમદાવાદ આવૃત્તિ" તારીખ : 29/05/2025

Scanned with OKEN Scanner